# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/366 Dt. 17/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# મુશ્કેલીના સમયમાં આગળ આવી સાથે મળીને કામ કરવાની સુરતની તાસીર છે, શહેરીજનો પણ અમારી ટીમ જ છે : ગુજરાતના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાતના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ સાથે ઇન્ટરેક્ટિવ સેશન યોજાયું, વ્યવસાયિકોએ સૂચનો રજૂ કર્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાત રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ (આઇપીએસ) સાથે ઇન્ટરેક્ટિવ સેશન યોજાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આવા ઇન્ટરેક્ટિવ સેશન દ્વારા ઉદ્યોગકારો અને પોલીસ તંત્ર વચ્ચે વધુ સારો સંવાદ સ્થાપિત થાય છે, જેના કારણે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રને આવતી સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે માર્ગ મોકળો બને છે.

ગુજરાતના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે (આઇપીએસ) જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તથા પોલીસ વિભાગ ઉદ્યોગકારોને સુરક્ષિત અને અનુકૂળ વ્યવસાયિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું

કે, સુરતમાં વિવિધ રોડ – રસ્તાઓ, ઓવરબ્રિજ પછી મેટ્રો અને હવે બુલેટ ટ્રેન જેવા વર્કિંગ પ્રોગ્રેસવાળી વાત છે. પોલીસ દળ ઓછું છતાં ટ્રાફિક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થાનું પાલન ખૂબ જ સારી રીતે થાય છે. તેમણે કહ્યું કે, બધા નાગરિકો પણ અમારી ટીમ જ છે.

ભૂતકાળની વાતો વાગોળતા ડીજીપી રાવે કહ્યું હતું કે, રેલના સમયે ખૂબ જ કઠીણ પરિસ્થિતિ ઉભી થઇ હતી. સુરત હવે બે – ત્રણ વર્ષ પાછળ ચાલ્યું જશે, ઇકોનોમિને રિવાઇવ થતા વાર લાગશે અને સુરતને ઉભું થતા વર્ષો લાગી જશે એવું લાગતું હતું, પરંતુ નાગરિકો અને સોસાયટીના આગેવાનોએ સાથે મળીને સુરતને કેટલાક દિવસોમાં જ ફરીથી ખૂબસુરત બનાવી દીધું હતું. ભૂકંપના સમયે લોકોએ ઘણી મદદ કરી હતી. મુશ્કેલીના સમયમાં આગળ આવીને સાથે મળીને કામ કરવાની સુરતની તાસીર છે.

સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે (આઇપીએસ) જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સનો પોલીસની સાથે સમન્વય ખૂબ જ સારો છે. ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને કોઇ મુશ્કેલી નહીં પડે તે માટે ઇકોનોમિક સેલ વીંગ છે જ, કોઇ પણ જરૂરિયાત જણાય તો વ્યવસાયિકો પોલીસનો સંપર્ક કરે, જેથી સાથે મળીને મુશ્કેલીનું નિરાકરણ લાવી શકીશું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો તથા ઉદ્યોગકારોએ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો યોજવા અંગે આશા વ્યકત કરી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયિકોએ વેપાર–ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલી કાયદાકીય વ્યવસ્થા, સાયબર ક્રાઇમ, ટ્રાફિક મેનેજમેન્ટ તેમજ ઉદ્યોગ વિસ્તારોમાં સુરક્ષા વધારવા જેવા વિવિધ મુદ્દાઓ પર સૂચનો રજૂ કર્યા હતા.